PM-AJAY યોજના અંતર્ગત રાજ્ય સ્તરે પ્રોજેક્ટ મેનેજમેન્ટ યુનિટ (PMU) ની સ્થાપના તથા તેના માટે ઉચ્ચ સ્તરીય પસંદગી સમિતિની રચના કરવા બાબત.

**ગુજરાત સરકાર**
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંક: SJED/PMJ/e-file/17/2026/1368/**K**
સચિવાલય, ગાંધીનગર.
તા. ઈ-સાઈન મુજબ

**વંચાણે લીધા:-**
(૧) ભારત સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રાલયના તા.૧૬.૦૬.૨૦૨૬ નો પત્ર ક્રમાંક: No.AGC-19014/6/2026-PMAJAY
(૨) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગાંધીનગરનો તા.૨૭.૦૫.૨૦૨૬ નો પત્ર ક્રમાંક: અજાક/ચ/PM-AJAY/૨૦૨૬/૧૮૫૯-૧૮૬૦

**આમુખ :**

વંચાણે લીધેલ ક્રમાંક: (૧) સામેના ભારત સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રાલયના તા.૧૬.૦૬.૨૦૨૬ના પત્રથી અનુસૂચિત જાતિના વર્ગ માટે સામાજીક-આર્થિક વિકાસ અને સશકિતકરણ માટે PM-AJAY યોજનાના અસરકારક અમલીકરણ, મોનિટરિંગ, સંકલન તથા મૂલ્યાંકન માટે રાજ્ય સ્તરે Project Management Unit (PMU) ની સ્થાપના કરવા તથા PMU માટે ઉચ્ચ સ્તરીય પસંદગી સમિતિની રચના અંગે માર્ગદર્શિકા જાહેર કરવામાં આવેલ છે. જે અન્વયે નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતાના વંચાણે લીધેલ ક્રમાંક: (૨) સામેના તા.૨૭.૦૫.૨૦૨૬નાં પત્રથી સદરહુ યોજના માટે રાજ્ય સ્તરે PMU સ્થાપના કરવા દરખાસ્ત કરવામાં આવેલ હતી, જે બાબત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

**ઠરાવ :-**

કાળજીપૂર્વકની વિચારણાને અંતે ભારત સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રાલયના વંચાણે લીધેલ ક્રમાંક (૧) પરના પત્રમાં સમાવિષ્ટ માર્ગદર્શિકા તથા નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણના વંચાણે લીધેલ ક્રમાંક (૨) પરના પત્રથી કરવામાં આવેલ દરખાસ્તને ધ્યાને લઈ, **PM-AJAY** યોજનાના અસરકારક અમલીકરણ, મોનિટરિંગ, સંકલન તથા મૂલ્યાંકન માટે ભારત સરકારની માર્ગદર્શિકા મુજબ રાજ્ય સ્તરે **Project Management Unit (PMU)** ની સ્થાપના કરવાનું આથી ઠરાવવામાં આવે છે. **PMU** માં ભારત સરકારની માર્ગદર્શિકા મુજબ **State Social Justice Lead** તથા **State Social Justice Coordinators** નો સમાવેશ કરવાનો રહેશે.

**૨.** વધુમાં, ભારત સરકારની ઉક્ત માર્ગદર્શિકા મુજબ **PMU** માટે ઉચ્ચ સ્તરીય પસંદગી સમિતિની રચના કરવામાં આવે છે. સદર સમિતિમાં નીચે મુજબના સભ્યોનો સમાવેશ કરવામાં આવે છે.

**પ્રોજેક્ટ મેનેજમેન્ટ યુનિટ(PMU) માટે ઉચ્ચ સ્તરીય પસંદગી સમિતિ**

| ક્રમ | હોદ્દો | સમિતિમાં પદ |
|---|---|---|
| ૧ | અધિક મુખ્ય સચિવશ્રી/અગ્ર સચિવશ્રી/સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ | અધ્યક્ષ |
| ૨ | અધિક સચિવશ્રી/સંયુકત સચિવશ્રી/નાયબ સચિવશ્રી, (અ.જા.ક.) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ | સભ્ય |
| ૩ | નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ | સભ્ય સચિવ |
| ૪ | સંયુકત નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણ | સભ્ય |
| ૫ | નાયબ નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણ | સભ્ય |
| ૬. | મેનેજીંગ ડિરેકટરશ્રી, ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમ | સભ્ય |

| | | |
|---|---|---|
| ૭ | ભારત સરકારના સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રાલયના એક પ્રતિનિધિ | સભ્ય |

**નોંધ:** નિયામકશ્રી,અનુસૂચિત જાતિ કલ્યાણ દ્વારા ઉચ્ચ સ્તરીય પસંદગી સમિતિના સભ્ય સચિવ તરીકે P.M.U. માટેના કર્મચારીઓની પસંદગી અને નિમણુંક સબંધિત તમામ કાર્યવાહી હાથ ધરવાની રહેશે

૩. PMU માટેની ભરતી પ્રક્રિયા, કર્મચારીઓની સંખ્યા અને શૈક્ષણિક લાયકાત, અનુભવ, મહેનતાણું, કાર્યકાળ, સેવા શરતો તેમજ અન્ય આનુષંગિક બાબતો ભારત સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રાલયના તા.૧૬.૦૬.૨૦૨૬ના પત્ર તથા સમયાંતરે તેમાં થતા સુધારા/ફેરફારો મુજબ રહેશે.

૪. વધુમાં ભારત સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રાલય દ્વારા PM-AJAY યોજના સંદર્ભે સમયાંતરે બહાર પાડવામાં આવતી માર્ગદર્શિકા, સૂચનાઓ તથા તેમાં થતા સુધારા/ફેરફારનો અમલ કરવાનો રહેશે.

સદરહુ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર સરકારશ્રીની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(હેમંત શ્રીમાળી )
નાયબ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

**પ્રતિ,**
નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતું, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
**નકલ રવાના:-**

- માન. મંત્રીશ્રી (સા.ન્યા. અને અધિ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ ૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. રા.ક. મંત્રીશ્રી (સા.ન્યા. અને અધિ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ -૨, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, નાણા વિભાગ,સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રીના અંગત મદદનીશશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સંયુકત સચિવશ્રી/નાયબ સચિવશ્રી, (અ.જા.ક.) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.
- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી, બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- મેનેજીંગ ડિરેક્ટરશ્રી, ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમ, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર(નિયામકશ્રી,અ.જા.ક. મારફત)
- સેકશન અધિકારીશ્રી, કોમ્પ્યુટર શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાય, ગાંધીનગર /- સદરહુ ઠ રાવને વિભાગની વેબ સાઈટ પર અપલોડ કરવા સારૂ.
- સિલેક્ટ ફાઈલ-૨૦૨૬

Signature Not Verified
Signed by: H M Shrimali
Deputy Secretary
Date:2026.08.06
15:24:39 +5:30


Open the document in Adobe Acrobat DC to verify the E-sign